# કોણ શ્રેષ્ઠ ?


– રમેશ જાની

ઉનાળાની ઋતુ હતી. રાજા વિક્રમનો દરબાર ભરાયો હતો. કાલિદાસ પંડિત પણ બેઠા હતા. તે પોતાના કામમાં તલ્લીન હતા.

વિક્રમાદિત્યને મજાક કરવાનું મન થયું. તેમણે કાલિદાસને કહ્યું, 'તમે કદરૂપા છો ને આજે તો વધારે કદરૂપા લાગો છો. મને તો તમને જોઈને હસવું આવે છે. ભગવાને તમને અન્યાય કર્યો છે.'

કાલિદાસે રાજાજીની વાત મૂંગે મોઢે સાંભળી લીધી. તેમને ખરાબ લાગ્યું પણ કંઈક વિચારીને ત્યારે તેઓ કંઈ બોલ્યા નહિ.

બીજે દિવસે જ્યારે દરબાર ભરાયો ત્યારે કાલિદાસે દરબારમાં રાખેલા માટીના ઘડાની જગ્યાએ સોનાનો ઘડો રાખી દીધો. રાજાને બપોરે તરસ લાગી. તેમણે સોનાના ઘડાનું પાણી પીધું તો તે તેમને ગરમ લાગ્યું. રાજા ગુસ્સે થઈને બોલ્યા, 'કોણે અહીંથી માટીનો ઘડો લઈ લીધો છે ? એને એટલી પણ ખબર પડતી નથી કે સોનાના ઘડામાં પાણી ઠંડું રહેતું નથી.'



કાલિદાસ હાથ જોડીને બોલ્યા, 'માફ કરો. મહારાજ ! એ માટીનો ઘડો લઈને મેં જ સોનાનો ઘડો રાખ્યો હતો. મને થયું કે રાજાને સુંદર વસ્તુ જ ગમે છે. માટીનો ઘડો સોનાના ઘડા જેટલો સુંદર લાગતો નથી. એનું પાણી તમને વધારે ગમશે એટલે મેં આવું કર્યું હતું.'

રાજાજીનો ક્રોધ શાંત થઈ ગયો. તેમને તરત પોતાની ભૂલ સમજાઈ ગઈ. તેમણે કાલિદાસને કહ્યું, 'તમે આજે મને સાચી સમજ આપી દીધી. અત્યાર સુધી મને સુંદર વસ્તુ ગમતી હતી. ને હું તેના ગુણ જોતો ન હતો. ગુણવાન માણસ જ શ્રેષ્ઠ છે, સુંદર નહિ.'

આટલું કહીને આખા દરબાર વચ્ચે રાજા વિક્રમાદિત્યે કાલિદાસનું સન્માન કર્યું.

■